


સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૧૭, સળંગ અંક : ૯૩૩, તારીખ : ૧૮-૦૯-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ
(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬
R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 18/09/2017, RMS G'nagar, Valid up to 31/12/19

# ભારતીય કિસાન સંઘ દ્વારા કૃષિક્ષેત્ર પરના ભારે GSTના કર બોજનો વિરોધ કરીને તમામ જીલ્લા કલેક્ટરોને આવેદનપત્રો અપાયાં - પાકવિમા યોજના - ટેકાના ભાવે ખરીદી અને વીજચેકીંગ સહિતના પ્રશ્નો સામેલ કરાયાં.

**• જી.એસ.ટી. કાઉન્સીલની ત્રીજી રીવ્યુ બેઠકમાં પણ કૃષિક્ષેત્રને રાહત ન અપાતાં કિસાનોમાં ઉગ્ર આક્રોશની લાગણી. • ડ્રીપમાં ૧૮ ટકા, ટ્રેક્ટરમાં ૧૨ ટકા, જંતુનાશક દવાઓમાં ૧૮ ટકા તેમજ થ્રેસર સહિતનાં યાંત્રિક ઓજારો ૧૨ ટકા જેટલા ભારે જી.એસ.ટી.થી કૃષિક્ષેત્રને ભારે અસર થવાની ભીતિ...**

ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ એક અખબારી યાદીમાં શ્રી મગનભાઈ પટેલ રાષ્ટ્રીય કાર્યકારીણી સદસ્ય, તથા પ્રદેશ પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા એક નિવેદનમાં જણાવે છે કે કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લે કર માળખામાં કરાયેલા સુદારા બાદ જી.એસ.ટી.નો અમલ બધા ક્ષેત્રોમાં થઈ રહ્યો છે. ત્યારે પૂર્વે એવી અપેક્ષા હતી કે જી.એસ.ટી.ના કારણે કૃષિક્ષેત્ર પર કોઈ વિશેષ અસર થશે નહીં પરંતુ ધીમે ધીમે વ્યવહારો શરૂ થતાં આજે જી.એસ.ટી.ના કારણે કિસાનોએ જુદા જુદા ક્ષેત્રમાં ભારે કરબોજ સહન કરવો પડી રહ્યો છે. અને તીવ્ર પ્રત્યાઘાતો આમ કિસાન સમાજમાં પડી રહ્યા છે. જેમાં ડ્રીપ ઈરીગેશનમાં ૧૮ ટકા, જંતુનાશક દવાઓમાં ૧૮ ટકા, ટ્રેક્ટરમાં ૧૨ ટકા, ટ્રેક્ટર પાછળ લાગતાં તમામ યાંત્રિકો ઓજારોમાં ૧૨ થી ૧૬ ટકા જેટલા દરો લાગુ કરી દેવામાં આવેલ છે.



આ અંગે ભારતીય કિસાન સંઘ દ્વારા પ્રારંભથી જ વિરોધ કરીને મા. મુખ્યમંત્રીશ્રી, માં. નાયબમુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ, કૃષિમંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયા તથા કેન્દ્રમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા મા. પુરષોત્તમભાઈ રૂપાલાજી, તથા મા. મનસુખભાઈ માંડવીયાજીને પણ રૂબરૂ મળીને ગુજરાતમાં તેમજ દિલ્હી ખાતે પણ ભારત સરકારમાં સંબંધિત મંત્રીશ્રીઓને રજુઆતો કરવામાં આવી રહી છે. તેમ છતાં કોઈજ હકારાત્મક પ્રતિભાવ ન મળતાં સમગ્ર ગુજરાતમાં તમામ જીલ્લા એકમો દ્વારા મોટી સંખ્યામાં તમામ જીલ્લા કલેક્ટરોને, મા. વડાપ્રધાનશ્રી તથા મા. મુખ્યમત્રીશ્રીને સંબોધીને આવેદનપત્રો આપવામાં આવ્યા હતાં.

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રીય કાર્યકારીણી સદસ્યશ્રી મગનભાઈ પટેલ, વિશેષ ઉપસ્થિત રહીને કિસાનોને સંબોધન કર્યુ હતું. અને આજ રોજ આપેલ આવેદનપત્ર અંગે માહિતી આપી હતી જેમાં જી.એસ.ટી. ઉપરાંત પાકવિમા યોજનાની વિસંગતતાઓ, ફરજીયાત પાકવીમો, વીમા કંપનીઓની ખોટી રીતરસમો, અપૂરતી ચૂકવણી, નુકસાનીના સર્વેમાં ભેદભાવ તેમજ - આગામી સીઝનમાં બજારમાં આવનાર પાકો મગફળી, કપાસ, અને કઠોળ સહિતના બજારો ટેકાના ભાવથી નીચે રહેવાની સંભાવનામાં તુરંત આગોતરા આયોજનથી ખરીદી માટે પૂર્વતૈયારીઓ અને આડેધડ વીજચેકીંગ સંબંધિત સમસ્યાઓ સહિતના મુદ્દાઓને લઈને આવેદનપત્રો આપવામાં આવ્યા હતા. જો કોઈ જ પરિણામ ન આવે તો અન્ય કાર્યક્રમો આપવાની પણ ફરજ પડશે તેમ જણાવ્યુ હતું. પ્રદેશ અધ્યક્ષશ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રાએ જૂનાગઢના કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમની સાથે સાથે ચીનની બનાવટની ચીજવસતુઓ ના બહિષ્કાર કરવાના કાર્યક્રમની પણ જાહેરાત કરવામાં આવી હતી અને પત્રીકા વિતરણ કરવામાં આવેલ.

**કૃષિ ક્ષેત્ર પર લાગવામાં આવેલા જી.એસ.ટી. દરો તેમજ પાકવિમા સહિતના મુદ્દે આવેદન પત્ર તથા તસ્વીરો નિહાળો છેલ્લા પાને....**

# ચીનનો 'પડકાર' અને આપણું કર્તવ્ય

● સ્વદેશી જાગરણમંચ : સતીશકુમાર ● ગુજરાતી અનુવાદ : ડૉ. દીપક ભાનુશંકર ભટ્ટ

**ચીનની પ્રકૃતિ (સ્વભાવ)**

જ્યારે ભારતના લોકો, ભારતના યુવાનો કોઈ અભિયાન સાથે જોડાય છે તો એ અભિયાનની પાછળની વિચારધારા, કે વિચારને સમજવો પણ આવશ્યક થઈ જાય છે. વ્યાપારિક નુકશાનની એક વાત, સુરક્ષા ચિંતાઓની એક વાત, ચીનનો ડી.એન.એ. શું છે, પ્રકૃતિ - સ્વભાવ શું છે. વિચારવાની રીત શું છે ? આ સમજવાની મુખ્ય બાબતો છે ચીનની પ્રકૃતિ અને વિચારધારાને સમજવી માત્ર સરકારોએ જ નહીં જાગૃત યુવાનો માટે પણ આવશ્યક છે. સામાન્ય નાગરીકથી લઈને પ્રધાનમંત્રી સુધીના બધાએ ચીન સાથે સંવાદ કે સમજૂતી કરતા આ વિષયને ધ્યાનમાં રાખવો જોઈએ, નહીં તો આજે જે તિબેટના હાલ થાય છે, જેને ચીને પૂરી રીતે પોતાના દેશમાં (વિલિન) ભેળવી દીધો છે, અને તિબેટના દલાઈ લામા ત્યાંના તિબેટિયનો સાથે છેલ્લા ૫૬-૫૭ વર્ષથી શરણાર્થીના રૂપે અહીં રહે છે અને જે રીતે પાકિસ્તાન ચીનની એક વસાહત બનતું જઈ રહ્યું છે, ઘણાં આફ્રિકી દેશો પર એનું પ્રભુત્વ બની ગયું છે. એવી જ રીતે એ આપણા દેશને પણ નુકશાન પહોંચાડી શકે છે. અને આપણી તો ચાર હજાર માઈલ લાંબી સીમા ચીનની સાથે લાગેલી છે.

**ભારતની ઘેરાહબંધી અને આપણો જવાબ**

ચીને પોતાનો વેપાર વધારવા તથા ભારતને ઘેરવા માટે મોટી મહત્વકાંક્ષી યોજનાઓ બનાવી છે. ચીન, કાશ્મીર અને પાકિસ્તાનથી નીકળીને અરબી સમુદ્ર ગ્વાદર બંદરને જોડતી એક ૪૬ બિલિયન ડૉલરનો સી.પી.ઈ.સી. (ચાઈના પાકિસ્તાન ઈકોનોમિક કોરિડૉર) કે આર્થિક કૉરિડોર બનાવી રહ્યું છે. જે આપણા પી.ઓ.કે.ની વચ્ચેથી પસાર થઈ રહ્યો છે. ભારતના સતત વિરોધ છતાં ચીન એ બનાવી રહ્યું છે. ગોવામાં બ્રિક્સ દેશો (૫ દેશો બ્રાઝીલ, રશીયા, ઈન્ડિયા, ચાઈના તથા સાઉથ આફ્રિકા BRICS)ની મિટિંગમાં શી જીંગ પિંગ આવ્યા તો એમણે ૨૪ બિલિયન ડૉલર બાંગ્લાદેશને ઉછીના આપ્યા, બાંગ્લાદેશને જો કે એટલા પૈસાની જરૂર નહોતી, તો પણ આપ્યા. બધા જાણે છે કે બાંગ્લાદેશ નાનો એવો દેશ છે પૂર્વના બંગાળનો ય અડધો ભાગ છે. એ બાંગ્લાદેશમાં શી જિંગ પિંગ ગોવા આવ્યા પહેલા રોકાયા અને એટલા ડૉલર ભેટ (ઉછીના આપવાની ઈચ્છા વ્યક્ત કરી) આપ્યા. બધાને આશ્ચર્ય થયું. પરંતુ એનાથી ચીનની દાનતનો ખ્યાલ આવે છે. એણે આ પૈસા એટલા માટે આપ્યા કેમ કે એ ભારતથી બાંગ્લાદેશને અલગ કરવા ઈચ્છે છે. જ્યારે ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી બાંગ્લાદેશ ગયા હતાં તો ૨ બિલિયન ડૉલરની ક્રેડિટ લાઈન બાંગ્લાદેશને આપીને આવ્યા હતા. કે તમે અમારા પાડોશી દેશ છો. જ્યારે પણ તમારે જરૂર પડે આમાંથી પૈસા રહેશો. પણ ચીને બાંગ્લાદેશને આપણાંથી અલગ કરવા ૨૪ બિલિયનની ક્રેડિટ લાઈનની ઓફર કરી જેની બાંગ્લાદેશે આટલી મોટી રકમની કદીય ચીન પાસે માંગણી કરી નહોતી.

આખરે આપણએ એ કેવી રીતે ભૂલીએ કે ૧૯૬૨ માં ચીને ભારત પર હુમલો કરી આપણી ૩૭૫૦૦ ચોરસ કિ.મી. અકસાઈ ચીનની જમીન પર કબજો કરી રાખ્યો છે. એ યુદ્ધમાં આપણાં ૧૩૮૨ જવાન શહીદ થયા અને ૧૬૯૭ લાપતા થયા હતાં. ૩૦૭૯ જવાનોના બલિદાનને આપણે કેવી રીતે ભૂલાઈ દઈએ ! ફરી ૧૯૬૩માં પાકિસ્તાનના પાક - અધિકૃત કાશ્મીરની ૫૧૮૦ ચોરસ કિ.મી. જમીન ચીનને આપી દીધી. એટલું જ નહીં હજી પણ લડાખ, અરૂણાચલની ૯૦,૦૦૦ ચોરસ કિ.મી. જમીન પર ચીન પોતાનો દાવો કરી રહ્યું છે. વર્ષ દરમિયાન (૪૦૦-૫૦૦) વારંવાર જૂદા જૂદા છુટા છવાયા અતિક્રમણ ચીનની સેના કરી રહી છે. (છેલ્લા ૨-૩ વર્ષોમાં એ ઓછું થયું છે.) ૨૦૧૩માં લડાખના દોલતબેગ ઓલ્ડી ક્ષેત્રમાં ચીનની સેના ૧૯ કિ.મી. સુધી આપણી અંદર સુધી આવી હતી. એક શરમજનક સમજૂતી કરીને આપણઆં જ બંકરો તોડી આપણે પાછળ હટવા મજબૂર થયા, ત્યારે જ ચીની પાછા હટ્યા. એ જ વર્ષે તત્કાલીન પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહે અરૂણાચલ જવાનો કાર્યક્રમ બનાવ્યો. કાર્યક્રમના બે દિવસ પહેલા ચીનમાં ભારતની રાજદૂત (એક મહિલા હતી) ને રાત્રે બે વાગે ઉઠાડીને ચીની વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવી અને મનમોહનસિંહની યાત્રા રદ્દ કરવા માટે કડક આગ્રહ કરવામાં આવ્યો. દબાણમાં આવીને ડૉ. મનમોહનસિંહે એ યાત્રા રદ્દ કરી દીધી. અર્થાત ચીનની સરકારનો વૈશ્વિક દૃષ્ટિકોણ આપણી સીમાઓ માટે કાયમી ખતરો છે. ત્યાં જે ચીનની સિલ્ક રૂટ યોજના છે (CPEC) (સિલ્ક રૂટનો એક ભાગ) તે ચીનના સિકિયાંગ પ્રાંતથી શરૂ થઈને કારકોરમ ખીણઓને ચીરતો પાકિસ્તાનના અરબી સમુદ્રના સ્થિત ગ્વાદર બંદર સુધી જશે. ગ્વાદર બંદર પહેલેથી જ પાકિસ્તાને ચીનના હવાલે કર્યું હતું. ત્યાં ચીનના નૌસૈનિકોએ અડ્ડો બનાવી લીધો છે. એવું જ શ્રીલંગાના હનમનતોતા બંદર તથા બાંગ્લાદેશના ટચગાવ બંદર પર પણ ગતિવિધિ વધી રહી છે. હિન્દ મહાસાગરથી લઈને ઈસ્ટ ચાઈના સી સુધી એણે સૈન્ય ગતિવિધીઓની શ્રૃંખલા ઊભી કરી દીધી છે. સાઉથ ચાઈના સી પર આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલનો ફેસલો ચીન માનવા તૈયાર નથી. ત્યાં ચીન આર્ટીફીસીયલ દ્વીપ બનાવી પોતાની સૈન્ય ગતિવિધિઓ વધારી રહ્યું છે.

એ વાત જૂદી છે કે જવાબમાં ભારતે પણ ઈરાનનું ચાબહાર બંદર ૧.૫ બિલિયન ડૉલરમાં લીઝ પર લીધું છે. જે ગ્વાદરથી માત્ર ૯૦ કિ.મી.ના અંતરે છે. ભારતે શ્રીલંકા અને વિયેતનામ સાથે સંબંધ તો ગાઢ બનાવ્યા છે સાથે સૈન્ય અનુબંધ પણ કર્યા છે. જો ચીને અરૂણાચલની પાસે પરમાણુ મિસાઈલ લગાવી છે તો આપણે પણ આપણું સી-૧૭ ગ્લોબ માસ્ટર (ટેંક સહિત સૈન્ય સામાન વાહક સૌથી મોટુ જહાજ) ચીનની સીમાથી માત્ર ૨૯ કિ.મી. દૂર આપણી સીમામાં ઉતાર્યું છે. ભારતે પણ મોંગોલિયાને એક બિલિયન ડૉલરની ક્રેડિટ લાઈન આપીને ચીનને ઘેરવાનો પ્રયાસ કર્યો છે. અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા ભારતનો ચતુષ્કોણીય ઘેરા બંધીનો પ્રયાસ પણ શરૂ કર્યો છે.

*ક્રમશઃ*

---

**૫૦ વીઘા જમીનમાંથી આ વર્ષે ૧૫ વીઘામાં ઓર્ગેનિક - ઝીરો બજેટ ખેતીનો અખતરો દર વર્ષે દવા પાછળ ૧.૦૦ લાખ રૂપિયાથી વધુ થતો ખર્ચ ઘટાડવા પ્રયત્ન આદર્યો : ૩ વીઘાની શેરડીમાં અસરકારક પરિણામ રોગ જીવાત અટકાવવા ૧૦ પર્ણી અર્ક અને ખાટી છાશનો જ પ્રયોગ વર્ષે દહાડે ખેતી થકી ૧૨ થી ૧૬ લાખ રૂપિયાની આવક...**

# ખડવંથલીના ખેડૂતનો ૧૫ વીઘામાં ઝીરો બજેટ ખેતીનો અખતરો...

રાજયમાં ખેડૂતોની આવક વધારવી હશે તો ખેડૂતોએ ખર્ચા ઘટાડી તેની પડતર કિંમત ઓછી થાય તેવા પ્રયત્નો કરવા જરૂરી છે. ખેતીમાં હાલમાં રાસાયણિક ખાતરો ઓછા કરી કે બંધ કરીને પણ લોકો ખેતીમાં સફળતા લઈ રહ્યા છે. ખેડૂતો ઝીરો બજેટ આધારિત ખેતી તરફ વળતા અન્ય ખેડૂતોને મદદરૂપ થવાના પ્રયાસો પણ કરે છે. ખેડૂતો ગાય આધારિત ઝીરો બજેટ ખેતી અપનાવી શકે તે માટે વિવિધ અનુભવીઓની શિબિરોનું આઆયોજન થાય છે. આવી જ ઝીરો બજેટ ખેતીની શિબિરમાં છે. આવી જ ઝીરો બજેટ ખેતીની શિબિરમાં ગયા પછી પોતાની જમીનના એક ભાગમાં અખતરો કરી હાલમાં સારું પરિણામ મળી રહ્યું હોવાનું જણાવી રહ્યા છે. રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ખવંથલી ગામના ખેડૂત કિશોરભાઈ રામજીભાઈ ફળદુ ખેતીમાં સારી સિઝન રહે અર્થાત વરસાદ પાણી સારા હોય અને ભાવ સારા મળે તો વર્ષે દહાડે ૧૨ થી ૧૬ લાખ રૂપિયા જેટલી આવક ખેતીમાંથી મેળવી લે છે.



છે લ્લા વીસ વર્ષથી ખેતી સાથે જોડાયેલા ખેડૂત પાસે કુલ ૫૦ વીઘા જમીન છે જેમાંથી આ વર્ષે ૧૫ વીઘામાં ઓર્ગેનિક - ઝીરો બજેટ ખેતીનો અખતરો કર્યો છે. તેમાં શેરડી, કપાસ અને હાલમાં મરચીનું વાવેતર કર્યું છે. દર વર્ષે કપાસ, મગફળી, શેરડી, જીરું, ધાણા, લસણ, ડુંગળી વગેરે પાકનું સિઝન અને પાણી મુજબ વાવેતર થતું હોય છે. છેલ્લાં ત્રણેક વર્ષથી શેરડીની ખેતી અપનાવી છે. મગફળી અને કપાસનું મોટા પાયે વાવેતર હોય છે. ખેતીમાં વરસાદ હોય તે મુજબ સિઝનના બે પાક લઈ શકાય છે.

ઝીરો બજેટ ખેતી જાણવા માટે તેઓ ગત વર્ષે સુભાષ પાલેકરની જામકંડોરણા ખાતે યોજાયેલી શિબિરમાં ભાગ લેવા ગયા હતા. ત્યાં શિબિરમાં ખેડૂતો જાતે ઝીરો બજેટ ખેતી કેવી રીતે કરી શકે છે તેનું નિદર્શન કરતાં તેમણે એ વખતે ખેતરમાં ઊભેલા મરચીના પાકમાં જીવામૃત આપ્યું. છોડમાં તેની સારી અસર દેખાતાં નવી સિઝનમાં આ ખેતીની અમલવારી માટે ૧૫ વીઘાનું ખેતરર પસંદ કર્યું. જો આમાં સફળતા મળે તો તમામ જમીનમાં તેઓ પ્રકારે ખેતી કરવા તૈયારીઓ કરી છે. તેઓ દર વર્ષ દવા પાછળ ૧.૦૦ લાખ રૂપિયા જેટલો ઓછામાં ઓછો ખર્ચ કરતા હહોઈ આ વખતે દવા - ખાતર પાછળના ખર્ચા ઘટાડવા માટે પ્રયત્ન આદર્યો છે. ઘરની બે દેશી ગાયો હોઈ ગાયના છાણ તેમજ મૂત્ર માટે કોઈ ખાસ તકલીફ લેવાની ન હોઈ એપ્રિલ માસના અંતરમાં ૩ વીઘા શેરડીના વાવેતરમાં સજીવ પદ્ધતિનો અખતરો કર્યો બીજને વાવતાં પહેલાં બીજામૃત્તની માવજત આપી.

*અનુ. પાના ૯ પર*



## જાતે જ તૈયાર કરો ૧૦ પર્ણી અર્ક તથા ઘન જીવામૃત્ત...

*ઝીરો બજેટ ખેતીમાં ૧૦ પર્ણી અર્ક, નિમાસ્ત્ર વગેરે મુખ્ય હોય છે, જે મિલિબગ ઉપરાંત થ્રિપ્સ, નાની મોટી ઈયળ, ચૂસિયા જીવાતોને અટકાવવામાં ઉપયોગી સાબિત થાય છે. ૧૦ પર્ણી અર્ક બનાવવા માટે ૧૦ જાતની વનસ્પતિના પાન ૨ કિલો મુજબ ઉપયોગ થાય છે. જેમાં મુખ્યત્વે જામફળી, સીતાફળી, એરંડા, બીલીપત્ર, ધતુરો, લીમડો, તુલસી, જાસૂદ, આકડો, પપૈયા, દેશી બાવળ વગેરે વનસ્પતિઓના પાનનો ઉપયોગ સાથે તેમાં તીખી મરચી ૧ કિલો પેસ્ટ, તમાકુ પાઉડર ૧ કિલો, દળદર ૫૦૦ ગ્રામ, ૧૦ ગ્રામ હિંગ, ૫૦૦ ગ્રામ આદુની પેસ્ટ ૧૫ લિટર ગૌમૂત્ર અને ૨ કિલો છાણ બધું મિશ્ર કરી એક મહિના સુધી પીપમાં સડવા દેવામં આવે છે. ત્યાર પછી આ દ્રાવણને ગાળીને છોડની અવસ્થા મુજબ એક પંપમાં અડધાથી પોણા લિટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રયોગથી થ્રિપ્સ, નાની મોટી ઈયળ, ચૂસિયા જીવાતોનો અટકાવ થાય છે. આ સિવાય એક વખત પાંચથી ૧૦ દિવસ જૂની ખાટી છાશ એક લિટર, જીવામૃત્ત ૨ લિટરનો પણ છંટકાવ છોડના વિકાસ માટે થઈ શકે છે ઘન જીવામૃત્ત બનાવવા માટે ૧૦૦ કિલો છાણ, ૫ લિટર ગૌમૂત્ર, ૨ કિલો કઠોળ લોટ, ૧ કિલો ગોળ, ૧ ખોડો અવાવરૂ જમીનની માટી, બધુ સારી રીતે મિશ્ર કરીને બે દિવસ રહેવા દઈએ છુટું કરીને સૂકાવી દેવામાં આવે છે. જેને પાઉડર તૈયાર કરી પાળા બાંધતી વખતે ખાતરની જેમ જમીનમાં પૂંખીને આપવામાં આવે છે.*

# વસુંધરાની વનસ્પતિઓ

અશોક શેઠ (ભાગ-૨)

आयुर्वेदाय अमृतानाम्

## ખડસલિયો સૂકો (તાવ-કૃમિનાશક)

**વિવિધ નામો :**

સંસ્કૃત : पर्पट, वरतिक्त

અંગ્રેજી : Tommon, Funitory

હિન્દી : पित्तपापडा, शाहतारा

લેટિન : Fumaria, Parsiffora

**ઉત્પત્તિ સ્થાન :**

પિત્તપાપડાની ૬-૭ જાતો થાય છે. તે બધામાં આ ખડસલિયો કે ઘાસ પિત્તપાપડો ખાસ ઉત્તર ભારતમાં વધુ પ્રચલિત અને ગુણમાં ઉત્તમ છે. તે ગુજરાત, ઉત્તર પ્રદેશ, પંજાબ, દિલ્હી, ચિત્તોડ, ખાનદેશ, હિમાલયની તળેટી તથા નિલગીરી પ્રદેશમાં વધુ થાય છે. શાહતારો - પિત્તપાપડો યૂનાનીમાં વધુ વપરાય છે. તે પર્શિયા



(આરબ દેશ)માંથી અહીં આયાત થાય છે. તે Flumaria Officinalis કહેવાય છે.

**પરિચય :**

આ ગળોના વર્ગની અને પોતાના 'પર્પટ' કુળની મુખ્ય છોડ વનસ્પતિ છે. તેના છોડ ઘ થી ૧ ફૂટ ઊંચા, સ્વાવલંબી કે પ્રસરણશીલ, માંસલ, સફેદ રૂવાંટીના, વર્ષાયુ, છ ઈંચ લાંબી ડાળીના, પીળાશ પડતા લીલા રંગના થાય છે. પાન ગાજર કે ધાણાનાં પાન જેવા, નાના, ઘ થી રઘ ઈંચ લાંબા, ¯ થી ૩-૪ ઈંચ પહોળાં, બંને કિનારે સાંકડાં અને કપાયેલાં, પુષ્પ - સફેદ કે ગુલાબી રંગના, નાના, ૧ થી ૩ ઈંચ લાંબા, આગળથી રીંગણી રંગના થાય છે. તેમાં ગુલાબી ફૂલવાળો પિત્તપાપડો શ્રેષ્ઠ છે. ફળઃ ગોળ, નાનાં, ચમકદાર, ચીકણા, આગળના ભાગે બે પાનવાળાં, સૂકાં હોય ત્યારે જવ જેવા ભૂખરા કે લીલા રંગનાં થાય છે. પુષ્પ અને ફળ મહા - ફાગણ માસમાં થાય છે. તેના મૂળમાંથી કપડાંને રંગવાનો ઉત્તમ પાકો લાલ રંગ તૈયાર થાય છે.

**ગુણધર્મો :**

ખડસલિયો પિત્તપાપડો હળવો, કડવો, સંગ્રાહી (મળ બાંધનાર), વાયુકર્તા, પાક કાળે તીખો, શીતવીર્ય, કફ - પિત્તશામક, ભૂખવર્ધક, તૃષાશામક, કટુ પૌષ્ટિક, કૃમિહર, યકૃત (લીવર) ઉત્તેજક, રક્તશોધક તથા ગ્લાનિ, ભ્રમ મૂર્ચ્છા, દારૂનું ઘેન, પ્રમેહ, તાવ, ઊલટી, અરુચિ, મંદાગ્નિ, કમળો, રક્તપિત્ત, વાતરક્ત (ગાઉટ), મૂત્રકષ્ટ અને કોઢ મટાડે છે.

**ઔષદિ-પ્રયોગ :**

(૧) તાવ : શરદીના તાવમાં પિત્તપાપડો અને સૂંઠનો ઉકાળો પીવો. ગરમીના તાવમાં પિત્તપાપડો અને ગળોના ચૂર્ણ સાથે લેવું કે તેમાં મોથ નાંખી કાઢો કરી પીવો. (૨) રક્તસ્ત્રાવ - રક્તપિત્ત : પિત્તપાપડો અને દાડમની છાલ ૧૦-૧૦ ગ્રામ જીરું, ૫ ગ્રામનો ઉકાળો કરી, સાકર નાંખી પીવો. (૩) અંગદાહ : પિત્તપાપડના ચૂર્ણમાં સાકર કે કાળી દ્રાક્ષ નાંખી, ૧૨ કલાક પાણીમાં પલાળી ગળીને પીવું. (૪) નેત્રવિકાર પર : તેનો રસ કે ઉકાળો કરી, તેમાં મધ નાંખી આંખમાં આંજવાથી દષ્ટિશક્તિ વધે છે. (૫) પિત્તજ શિરઃશૂલ) પિત્તપાપડા અને કારેલાના રસમાં ગાયનું ઘી મેળવી કપાળે માલિસ કરવું તેમજ પાવું. (૬) કૃમિ : પિત્તપાપડો અને વાવડિંગનો કાઢો પીવો.

**માત્રા :**

ચૂર્ણ ૨ થી ૫ ગ્રામ, ઉકાળો ૫૦ થી ૧૦૦ ગ્રામ, બીજ ૨ થી ૫ ગ્રામ.

**પ્રસિદ્ધ ઔષધો :**

પર્પટાદ્યરિષ્ટ, પર્પટાદિક્વાથ, પર્પટાદિ અર્ક.

**રાસાયણિક ઘટકો :**



ખડસલિયામાં ફ્યુમેટિક એસિડ તેમજ ફ્યુમરિન ૬ ટકા પ્રાપ્ત થાય છે. તેમજ પેન્ટટ્રાઈ એકોનટેન નામનો ક્ષાર ૦.૫ ટકા ટેનીન, ફલોબેફીન તેમજ શર્કરા હોય છે.

# ભારતીય કીસાન સંઘ દ્વારા ઉજવાયેલ બલરામ જયંતિમાં રણજડીત ગામિતે આભાર વ્યક્ત કર્યો

તા. ૨૭-૮-૨૦૧૪ ના બાદરવા સુદ-૬ એટલે કે ભગવાન બલરામજીનો જન્મ દિવસ ભારતીય કિસાન સંઘની યોજના મુજબ આખા દેશભરમાં ભગવાન બલરામની જન્મ જયંતિ ઉજવાય રહી છે. ભગવાન બલરામ એટલે ખેડૂતોના આરાધ્ય દેવ કે જેમને મધ્ય - એશિયાના 'ઝેરોકો' મુકામે થી ઉદ્ભવ પામેલી કૃષિ ક્રાંતિનું આક્રમણ કરી એમને પણ અગાઉ જણાવ્યા મુજબ ભારતની સમૃદ્ધિને ખતમ કરવાનું કાર્ય કર્યુ ત્યાર બાદ પરિસ્થિતિ પલ્ટાઈ અને દેશમાં અર્થવાદીઓનું પ્રભુત્વ આવ્યા જેમાં અર્થધારીઓએ ફક્ત ધન સંપત્તિને જ મહત્વ આપ્યું એ પછી રાજનીતિવાદીઓ અસ્તિત્વમાં આવ્યા તેમને ફક્ત રાજ્ય શાસન ઉપર જ થઈ રહ્યો છે. અને તેમાં હાલમાં ચીન દ્વારા પણ ઉત્પાત મચવાઈ રહ્યો છે ત્યારે અને વિશ્વના કેટલાક ધનવાન દેશો દુનિયાના ૧૫૦ થી વધુ ગરીબ દેશોનું શોષણ કરવામાં પાછી પાની કરતા નથી જે અંગે તાજેતરમાં ધનવાન દેશો દ્વારા અનુક્રમે સીયેટલ કાનકુન જીનીવા, ઉરુગ્વે વગેરે દેશો તેમના દ્વારા મીટીંગો કરીને યોજનાઓ બની રહી છે પરંતુ આ બધાનો એક જ ઉપાય છે અને તે છે આ દેશ કિસાન ખેત મજુર વગેરાઓએ સાંગઠન થઈને સબકા સાથ સબકા



પ્રભાતનો મથુરા જ હતુ અને મથુરા એટલે ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ કે જ્યાં કૃષ્ણ ભગવાને ગાયો ચરાવી તે દ્વારા દુધ, દહીં, ઘી, માખણની ગંગા વહાવી ત્યાર બાદ સુદર્શન ચક્રમાંથી પૈડું નિર્માણ કરીને દેશ - દુનિયાને અમૂલ્ય ભેટ આપી આમ આર્યવર્તમાં સિંધુ ખીણમાં પાંગરેલી કૃષિ સંસ્કૃતિનાં ઉદ્ભવથી આફ્રીકાના રણ પ્રદેશમાં વસ્તી પ્રજા જે ભુખે મરતી હતી તેમને પુરતુ અન્ય મળતું ન હતું જેથી કરીને ત્યાંનાં કેટલાક લુંટારુઓની ટોળકીઓએ સિંધુ ખીણની કૃષિ ક્રાંતિ ઉપર કબજો જમાવવા આક્રમણ કર્યું અને જોત જોતામાં તેઓએ આ દેશમાં શાસન કર્તા થઈ ગયા ત્યાર બાદ આ શાસન કરતા લોકો જેમાં શાહબુદ્દીન ઘોરી, મહંમદ ગજની, અલાઉદ્દીન ખિલજી, ફિરોજ શાહ, લત્તઘલઘ, તૈમુરલંગ બાબર, હુમાયુ, શેરશાહ, અકબર અનએ ઔરંગઝેબે ભારત વર્ષની પ્રજા ઉપર અને તેમા સૌથી સુખી સમૃધ્ધ કિસાનોને રંજાડવાનું અત્યાચાર, બળાત્કાર તેમજ લુંટફાટ ધર્માન્તર કરાવીને લગભગ ૮૦૦-૯૦૦ વર્ષ સુધી રાજ કર્યુ.

ત્યારબાદ અંગ્રેજો ધ્યાન આપ્યું તે પછી આવ્યા સંપ્રદાયવાળીઓ જેમને પણ પોતાના સંપ્રદાયવાદને આગળ કરીને સમાજને છીન્નભીન્ન કરવાનું કામ કર્યુ અને છેલ્લે સંસ્કૃતિવાદ આવ્યો તેમા નરસિંહ મહેતા, મીરાબાઈ, જલારામ સંત જ્ઞાનેશ્વર, તુકારામ તથા રામદાસ મહારાજ વગેરેઓએ આ દેશમાં અદ્ભૂત જાગૃતિ લાવી સર્વે સુચિત સંતુ સર્વે સંતુ નિરામયા સર્વે ભદ્રાણી પશ્યન્તુ મા કશ્ચિત દુઃખ ભાગ ભવેત દ્વારા સાંસ્કૃતિ પાયો નાંખી અંતે ૧૯૪૭માં સ્વતંત્રતા મળી પરંતુ પાકિસ્તાન નિર્માણ થયુ અને તેમાં પણ બ્રિટીશરો કે જેમાં ચર્ચીલ માઉન્ટબેટન મંહમદ અલી ઝીણા અને નહેરુ જેવા કુટનીતિવાદીઓની દુરદેશીના અભાવે દેશના ભાગલા પડ્યા અને માથાનો દુઃખાવો રૂપ પાકિસ્તાન નિર્માણ થયુ આજે પણ લુંટફાટ અત્યાચાર જેવા પ્રકરણો યેનકેન પ્રમાણે ચાલુ છે જેમા સરહદ ઉપર મરતા આપણા દુધમલ જવાનો માતૃભૂમિની સરહદની રક્ષા કરતા કરતા હસ્તે મોઢે પોતાનો વહાલો પરિવાર છોડીને ભાઈ-બહેન, પત્નિ- બાળકો અને પરિવાને છોડીને કોઈકનો લાડકવાયો શહીદ

વિકાસ એ ભારતીય સંસ્કૃતિનું અમોઘશસ્ત્ર સાથે આપણે ગામડાના કિસાન ભાઈ-બહેનોએ જાગૃત થઈ હાલમાં સજીવ - ઓર્ગેનિક કૃષિ અપનાવી દેશમાંથી રોગચાળાને તિલાંજલી આપીએ અને આપણી ભારતીય દેશી દવા કે જેનાથી કોઈ દવાનું રીએકશન આવતુ નથી તેનો જ ઉપયોગ અને આગ્રહ રાખીએ એજ આજના ભગવાન બલરામજીની જન્મ જયંતિનું મહાત્મય છે જેથી આજથી જ કામે લાગી જઈએ એ સમયની માંગ છે આપ સૌ આટલી મોટી સંખ્યામાં વરસાદ પાણી કાદવ કિચડમાં કિસાન ભાઈઓ માતાઓ યુવાનો તેમજ નાના નાના ભુલકાઓ જેઓ વિજળી વિનાના આ રાતના અંધકારવાળા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં તે બદલ આપનો આભારી છું ધન્યવાદ...

આમ હું રણજીતભાઈ.. ગામીત ડાંગ જિલ્લાના પ્રભારી કાંતિભાઈ રાણાએ આપના કાર્યક્રમ ઉપસ્થિત રહી જે માર્ગદર્શન કર્યુ તે બદલ તેના આભાર માની પ્રસાદ લઈ છુટા પડ્યાં હતા તેમ રણજીતભાઈ ગામીતે એક અખબારી યાદીમાં જણાવેલ છે.

## હળવદના સુંદરગઢમાં લાલ ભીંડાના પાકે કુતૂહલ સર્જયો...

હળવદ તાલુકાના સુંદરગઢમાં રહેતા રાજુભાઈએ પોતાના મૂળવતન છોટા ઉદેપુરમાંથી ભીંડાનું થોડુ બિયારણ લાવીને આ સિઝનમાં સુંદરગઢ ખાતે વાવેતર કર્યુ હતું. જોકે, પાક તૈયાર થતા લીલાને બદલે લાલ રંગના ભીંડા આવતા રાજુભાઈની સાથે સમગ્ર પંથકના ખેડૂતોમાં આશ્ચર્ય ઉભુ થયુ છે. આ લાલ ભીંડા ચમકદાર છે તેમજ એનું શાક ખુબ જ સ્વાદિષ્ટ થતુ હોવાનું ગામલોકો જણાવી રહ્યા છે.આ અંગે જાણીતા કૃષિ વૈજ્ઞાનિક ડૉ. ટી.એલ. ઢોલરિયાએ જણાવ્યું કે 'ભીંડાનો આ પાક જંગલ વિસ્તારોમાં જૂજ જોવા મળતા દેશી બિયારણમાંથી થયો હોવાની શક્યતા છે. દેશી બિયારણ હોવાથી એમાં કુદરતી મીઠાશ અકબંધ રહી હોવાથી એ સ્વાદિષ્ટ હોઈ શકે.' ભારતમાં એ પ્રાકૃતિક સંપદા ધરાવતો દેશ છે. દેશના જંગલ અને અંતરિયાળ વિસ્તારોમાં દુર્લભ કહી શકાય એવી ઘણી વનસ્પતિ થાય છે. દેશના અંતરિયાળ વિસ્તારોમાં હજુ પરંપરાગત બિયારણ દ્વારા જ ખેતી થાય છે. પરંપરાગત બિયારણ દ્વારા ઉત્પન્ન થતી કૃષિ પેદાશોમાં કુદરતી મીઠાશ જોવા મળે છે. આવા પરંપરાગત હબિયારણને સાચવવાનો સમય હવે આવી ગયો છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## રાજસ્થાનમાં બે સપ્તાહથી ચાલુ ખેડૂત આંદોલન વ્યાપક બન્યું...

દેવા માફી સહિતની ૧૧ જેટલી માંગો સાથે રાજસ્થાનના ખેડૂતો છેલ્લા બે સપ્તાહથી આંદોલન કરી રહ્યા છે. આ આંદોલન હવે ઉગ્ર બનતા જાય છે. જેમા સીકર, ઝુંઝનું, ચુર સહિતના જિલ્લાઓમાં હજારો સંખ્યામાં ખેડૂતો રસ્તા પર ઉતરીને ચક્કાજામ કરી રહ્યા છે. રાજસ્થાન સરકારના પ્રતિનિધીઓ સાથે ખેડૂત અગ્રણીઓની બેઠક યોજાયા બાદ પણ કોઈ પરિણામ ન આવતા આંદોલનનો વ્યાપ વધી રહ્યો છે. સરકારે પોતાનો બચાવ કરતા જણાવ્યું છે કે ખેડૂતોની ૮૦ ટકા માંગ સ્વિકારવાની બાંહેધરી આપવામાં આવી છે. જો કે, ખેડૂત અગ્રણીઓ સંપૂર્ણ દેવા માફીની મુખ્ય માંગ બાબતે કોઈ બાંધછોડ કરવા માંગતા નથી. સ્થિતિ બેકાબુ ન બને એ માટે મોટી સંખ્યામાં પોલીસ જવાનોનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે. ખેડૂત આંદોલનની અસર હવે રાજસ્થાનના શ્રીગંગાનગર અને બીકાનેર જિલ્લામાં પણ જોવા મળી રહી હોવાના અહેવાલ મળી રહ્યા છે.

## સરકારની જાહેરાત પ્રમાણે ખેતી વિજળી મળતી નથી....

ગુજરાત સરાકરે ખેતી માટે ૧૦ કલાક વિજળી આપવાની જાહેરાત ગત તા. ૧૬ ઓગસ્ટે કરી હતી. જોકે, હાલ રાજયના મોટાભાગના વિસ્તારોમાં આ જાહેરાત પ્રમાણે ૧૦ કલાક વિજળી ન મળતી હોવાની ફરિયાદો ઉઠી છે. આ અંગે એગ્રીસાયન્સ નેટવર્ક દ્વારા હળવદ અને ગીગઢડા તાલુકાના ખેડૂતોનો સંપર્ક કરવામાં આવતા જાણવા મળ્યુ કે સરકારની જાહેરાત બાદ માત્ર એક સપ્તાહ સુધી જ ૧૦ કલાક વિજળી મળી હતી. આ બાદ ૮ કલાક અને ક્યારેક તો એના કરતાં પણ ઓછા સમય માટે વિજળી મળી રહી છે. આ બાદ એગ્રીસાયન્સ નેટવર્કના ફેસબુક પેઈજ પર ખેડૂતોને પૂછવામાં આવ્યુ કે આપને ૧૦ કલાક વિજળી મળે છે કે નહીં એ અંગે કોમેન્ટમાં જવાબ આપો. જેમાં બે કલાકમાં ૫૫૦થી વધુ ખેડૂતોએ કોમેન્ટ કરીને પોતાનો જવાબ આપ્યો છે. જેમાં ૯૯ ટકા ખેડૂતોએ ૧૦ કલાક વિજળી ન મળતી હોવાની વાત રજુ કરી છે.

## મગફળીની નવી આવકોનો શુભારંભ થયો : ભાવ તળિયે

છેલ્લા ત્રણ - ચાર દિવસથી રાજયના અનેક માર્કેટયાર્ડમાં નવી મગફળીની આવક શરૂ થઈ ગઈ છે. જો કે, લેવાલી ન હોવાના કારણે તળિયાની સપાટીએ વેપાર થતો જોવા મળી રહ્યો છે. ગોંડલ માર્કેટયાર્ડમાં હાલ ૧૨૦૦ બોરી નવી મગફળીની આવકો શરૂ



થઈ છે. જેમાં રૂા. ૪૭૫થી રૂા. ૮૧૬ ના વી મગફળીના ભાવ બોલાઈ રહ્યા છે. વિસાવદર માર્કેટયાર્ડમાં નવી મગફળીની ૧૦૦ બોરીની આવક સાથે રૂા. ૪૩૦ થી રૂા. ૫૬૬ ભાવ જોવા મળ્યા છે. જુનાગઢમાં ૩૦ બોરી નવી મગફળીની આવક સાથે રૂા. ૫૪૦ થી રૂા. ૬૦૦ થી સપાટીએ વેપાર થયો છે. વેપારીઓના મતે સમગ્ર દેશમાં આ વર્ષે મગફળીનું વાવેતર ઘટ્યું છે. આ ઉપરાંત ઘણા રાજ્યોમાં થયેલ અતિવૃષ્ટિના કારમએ મગફળીના પાકને વ્યાપક નુકસાન પણ થયુ છે. આથી ધારણા પ્રમાણે આવક ન થાય તો ભાવમાં સુધારો થવાની પણ શક્યતા રહેલી છે.

# ભુજ તાલુકામાં ગામ ગળપાદર અને ત્રાયા વચ્ચે ભારતીય કિશાન સંઘ દ્વારા માં આશાપુરાના મંદિરે બલરામ જયંતિનું ભવ્ય આયોજન કરાયું...

ભુજ તાલુકા ભારતીય કિશાન સંઘ આયોજીત ગત તા. ૨૭-૮-૨૦૧૭, ભાદરવા સુદ (છઠ) ના રોજ ગામ ગળપાદર અને ત્રાયા વચ્ચે મા આશાપુરાનાં મંદિરે બલરામ જયંતિ ઉજવવામાં આવી. આ પ્રસંગે તાલુકા કારોબારી પ્રમુખ રમણીકભાઈ માકણી, મંત્રી ધનજીભાઈ, ઉપ પ્રમુખ




મોહનભાઈ કચ્છ જીલ્લાના માજી ઉ.પ્રમુખ શિવજીભાઈ બરાડીયા, માજી મંત્રી ભીમજીભાઈ કેસરિયા પ્રદેશ મહિલા સંયોજક રાધાબેન ભુડીયાં આજુબાજુના સરપંચો, ખેડૂતો, મહીલાઓ, બાળકો ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે દિપ પ્રગટ્ય કરી ભગવાનની આરતી સમુહમાં ઉતારી હતી ત્યારબાદ ભગવાનને પ્રીય એવા રાસ (દાંડીયારાસ)ની ધરતી પુત્રોએ ખુબ જ મોજ માણી હતી. લગભગ ૭૦૦ થી ૮૦૦ ખેડૂતોએ ખુબજ મોજ માણી હતી. ત્યારબાદ રાધાબેન ભુડીયાએ કિશાન મહિલાઓને ગાય આધારિત ખેતી અને મહીલાઓની સંગઠનની જરૂરી વાત કરી હતી. ભીમજીભાઈએ આ જગતમાં માનવીનું પેટ ભરવાં અનાજ અને દુધનું કેમ ઉત્પાદન અને ઉપયોગ કરવું એવું આપણને બલરામજીએ શીખવ્યુ છે એવી વાત કરી તો શીવજીભાઈએ ભારતભરમાં સંગઠન કેવું કેટલુ અને ક્યારથી ચાલુ થયેલ છે અને સંગઠન શું કામ કરે છે એવી વાત કરી તો રમણીકભાઈ પ્રમુખે ખેતી અને સંગઠન તો સ્વાર્થ પરમાર્થ છે અને કળીયુગમાં સંગઠન મહા શક્તિ છે તો સહુને જાગૃત કર્યા હતા. કાર્યક્રમ પુર્ણ થતા સહુ કિસાન પુત્રોએ ભગવાનની પ્રસાદી સમુહમાં લીધી હતી. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે ગામના સરપંચશ્રી અરજણભાઈ અને (રપીતનગર) ચપરેડી શક્તિ કેન્દ્રના પ્રમુખ દેવરાજભાઈએ ખૂબ મહેનત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનો સંચાલન ભુજ તાલુકાના ઉ.પ્રમુખ કાનજીભાઈ ગાગલે કર્યો હતો અને આભાર વીધી ખેડૂત અગ્રણી મેપાભાઈઆહિરે કરી હતી.

# થરાદ તાલુકાના ખેડૂતોના પ્રશ્નોને લઈ કિસાન સંઘ દ્વારા રેલી કાઢી આવેદન

*પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી અપાઈ*

ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ થરાદ તાલુકાના તમામ ખેડૂતોની સભા યોજી ગુરુવારે મોટી સંખ્યામાં ખેડૂતો રેલીમાં જોડાયા હતા. અને 'ખેડૂતોની માંગો પુરી કરો' ના નારા સાથે થરાદ નાયબ કલેક્ટરને



આવેદન પત્ર આપ્યું હતું. ખેતીના સાધનો, ઓજારો તથા સિંચાઈને લગતા સાધનો પર ૫ થી ૨૮ ટકા સુધી જી.એસ.ટી. લગાવેલ છે. ખેતી ઉપર કોઈ ટેક્સ નથી તેવુ ગણી સદંતર બંધ કરવો. કિસાનો વીજકનેકશન, ખેડૂતોને વિમા કવચ, સર્વે કામગીરીમાં ઘણી બધી ભુલો, લાઈટ બીલ એક વર્ષ નું માફ કરવું, પાક ધિરાણ માફ કરવું, પશુપાલન માટે લોન, પાણી પત્રકની કામગીરી ગ્રામ્ય લેવલે કરવામાં આવે જેવી ખેડૂતોની માંગને લઈને રેલી યોજવામાં આવી હતી. આ રેલી થરાદના માર્ગો પર ફરી નાયબ કલેક્ટર કચેરી પહુંચી હતી. આ માંગોને લઈ નાયબ કલેક્ટરને ૩૦ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. હવે જો આ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી અપાઈ હતી.

**થરાદ તાલુકાના ખેડૂતોના પ્રશ્નોને લઈ ભારતીય કિસાન સંઘ દ્વારા ગુરુવારે રેલી કાઢી નાયબ કલેક્ટરને આવેદનપત્ર અપાયુ હતું.**




**'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો**

**'બલરામ મંદિર પરિસર'**
**સે.૧૨/ડી, ગાંધીનગર.**
**ફોન : ૨૩૨૨૪૯૧૬**



## વનરાજીના શોખે શેઢાપાળે ૨૦૦ થી વધુ જુદી જુદી વનસ્પતિઓ ઉછેરી

# છેલ્લા ૨૦ વર્ષથી ઓર્ગેનિક પદ્ધતિથી ખેતી કરતા ટિંટોડીના વડીલ ખેડૂત...

શોખ હોવ તો ગમે તે ઉંમરે કામકાજ જમીન અને આવકની કોઈ ચિંતા ન હોય ત્યારે પરિવરાના સભ્યોના શરીરની તંદુરસ્તી ઉપર ધ્યાન આપવામાં આવે છે. શરીરની સાથે સાથે જમીનની તંદુરસ્તી પણ એટલી જ જરૂરી છે. ખેડૂત હોય તે ક્યાંક બહાર જાય તો પણ ત્યાંથી નવું શીખીને જ આવે છે. નવી નવી વસ્તુઓ શીખવા માટે અન્ય ખેડૂતાના સંપાર્કમાં આવતાા તોમની પાસેથી જાણકારી મેળવી પોતાના ખેતરે અખતરા જરૂર કરી લે છે. ખેડીવાડીમાં ઘણી એવી વનસ્પતિઓ છે જે શેઢા પાળે રહેતી હતી અને હવે ધીમે ધીમે તેનો નાશ થતો ગયો છે. જંગલમાં જોવા મળતી ઘણી વનસ્પતિઓ આજે દુર્લભ બની ગઈ છે. પહેલાં ખેતરની વાડોમાં અને શેઢા પાળે પણ ખેડૂતોને ઉપયોગી એવી ઔષધીય વેલાઓનો શોખ ખાતર ઉછેર કરતાં આજે ૨૦૦ થી પણ વધારે વનસ્પતિઓનું શેઢા પાળે વાવતર કર્યું છે જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકના ટિંડોડી ગામના ૭૧ વર્ષીય વડીલ ભીમશીભાઈ શરમણભાઈ બારિયાએ ૩૦ વિખા જમીનમાંથી ૧૦ વીઘામાં ઓર્ગેનિક મોડેલ ફાર્મ બનાવીને મોટેભાગે મગફળી તલ વગેરે પાક પકવીઉત્તરમ આવક લેવા સાથે પ્રકૃતિના ખોળે વનસ્પતિઓ ઉછેરે છે. હાલમાં ખેતીમાં થાય તેટલી જાતે મહેનત કરવા ઉપરાંત માણસો રાખીને પણ કામ કરાવી લે છે. ૩૦ વીઘા પોતાની અને ૩૦ વીઘા ભાઈની જમીનમાં ખેતીમાં મહેનત સાથે દેખરેખ રાખે છે.



આજના આધુનિક જમાનામાં યુવાનોને મોબાઈલ, મોટરસાઈકલ અને માવામાં દાડો પસાર કરવો છે પણ ખેતીમાં કોઈને ધ્યાન આપવું નથી. ખેતીનો ધંધો સમજીને મહેનત કરો તો જ આગળ વધી શકાય. ખેતી એ આપણું જીવનનું સાધન છે. જીવો અને જીવવા દો ના સિદ્ધાંતથી ખેતી કરો તો આગળ વધી શકાય ઝેરી ચારો પશુ ખાશે તો તેનું ઉત્પાદન પણ ઝેરી જ મળે તેમ ખેતરમાં ઝેરી દવા છાંટશો તો ઉત્પાદન પણ ઝેરી જ મળશે. તેઓએ મગફળીનું ૮ વીઘામાં ઓર્ગેનિક પદ્ધતિથી જ વાવેતર કર્યું છે તેમાં કોઈ જાતના રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવતો નથી. જમીન તૈયાર કરતી વખતે પાયામાં કોઈ ખાતર આપવામાં આવતા નથી. મગફળી લીધા પછી શિયાળે ઘઉં, ચણા કે ધાણઆ ઉપરાંત પશુઓ માટે ચારો લેવામાં આવે છે. આ સિવાય ઘર માટે શાકભાજી પણ પકવવામાં આવે છે.ઉનાળામાં પાણી હોય ત્યારે તલ કે એવો બીજો કોઈ ટૂંકાગાળાનો પાક લઈ શકાય છે.

કેશોદથી ૧૨ કિમી દૂર આવેલા નાનકડા ગામના વતની એવા ખેડૂત ભીમશીભાઈએ બધી જ જમીનમાં યુરિયા અને ડીએપી ખાતર બંધ કરી દીધા છે અત્યારે તમામ જમીનમાં મગફળીનું વાવેતર છે તેમાં કયાં મૂંડા મગફળીમાં પણ ૧૦૦ ગૂણી જેટલું ઉત્પાદન થવાની ધારણા છે. મગફળીની ખેતીમાં બિયારણ ઘરનું હોય એટલે ખર્ચો ઓછો થાય. રાસાયણિક ઘરનું હોય એટલે ખર્ચો ઓછો થાય રાસાયણિક ખાતરો નાંખો તો ખર્ચમાં બે છેડા માંડ ભેગા થાય છે. મગફળી વાવ્યા પછી ખેતરને નીંદણમુક્ત કરવા આંતરખેડ બ થી ત્રણ વખત કરવામાં આવે છે. મગફળીમાં ફક્ત અને ફક્ત ગૌમૂત્ર અને ખાટી છાશનો જ ઉપયોગ કરવામાં આવે છે. મગફળીમાંથી`લ કાઢવા ઉપરાંત ખારી શિંગ બનાવીને પણ વેચાણ થાય છે. મગફળીના કાચા દાણા ઉપરાંત તેલના ડબાનું ૨,૫૦૦ રૂપિયાના ભાવે વેચાણ કર્યું છે. ઘર વપરાશ માટે પણ તેલ રાખવામાં આવે છે. બીજી મગફળીનું માર્કેટમાં સીધુ વેચાણ થાય છે.

જમીન તૈયાર કરતી વખતે દર આંતરે વર્ષે લીંબોળી ખોળ, એરંડી ખોળ વગેરેનો ઉકરડો તૈયાર કરવા સાથે આકડો તેમજ ગ્લીરિસિડિયાના પાનનો ખાતર બનાવવા ઉપયોગ કરવામાં આવે છે. મહુડાના ફૂલ, બધું ભેગું કરીને તેમાં પાણીનો છંટકાવ કરતા રહી ખાડા કરીને તેમાં પણ પાણી આપવામાં આવે છે. જેથી નીંદણના બીજ નાશ પામે અને જમીનને ડેવલપ કરતાં બેક્ટેરિયા તૈયાર થાય છે. શેઢાપાળાની વિવિધ વનસ્પતિના પાનનો સેન્દ્રિય ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

ખેતરમાં ક્યાંય રોગ જીવાત ન દેખાવા બાબતે તેઓ કહે છે કે, જમીનમાં જ લાભદાયી બેક્ટેરિયાનો પૂરતો વિકાસ થાય તે જંતુઓને મારી નાંખે છે. અતિશય દવા છાંટવાથી પરભક્ષી કીટકોને નુકસાન પહોંચે છે. કુદરતી સાઈકલને નુકસાન પહોંચાડવાથી ખેતરમાં રોગ જીવાતનો ઉપદ્રવ વધે છે. રાસાયણિક ખાતરોવાળા ખેતરોમાં અળસિયાં જોવા મળતા નથી. જ્યારે તેમની વાડીમાં બે ઈંચ નીચેથી જ અળસિયાંઓ જોવા મળે છે. વર્મિવશ પણ તૈયાર કરવામાં આવે છે. તેઓ પાસે ૫૦૦ લિટર જેટલું ગૌમૂત્ર પાંચ વર્ષ જૂનું છે. એક બેરલ તો ૧૦ વર્ષ જૂનું છે. ગાયની છાશ ત્રાંબાના વાસણમાં ૪૦ દિવસ રાખી સંગ્રહ કરવામાં આવે છે. તેમની પાસે ૩ ગાય, બે બળદ અને બે ભેંસ છે. તેને પણ તેઓ શુદ્ધ ઘાસચારો આપે છે. તેઓ ખેતીમાં પહેલી ખેડ કરવા અને મગફળી ઉપાડવા માટે જ ટ્રેક્ટરનો ઉપયોગ કરે છે બાકી તમામ કામકાજ બળદ વડે જ કરે છે. જેથી જમીનમાં રહેલા અળસિયાં દબાઈને મરી ના જાય.

(સાભાર : એગ્રો સંદેશ)

## નવી વનસ્પતિનું નામ સાંભળી રોપા ખરીદને વાડીમાં લગાડ્યા.

વર્ષ ૧૯૯૫ની સાલમં તેઓ સજીવ ખેતીની ઝુંબેશ ચલાવતા આગેવાનોના સંપર્કમાં આવ્યા ત્યારે તેમને સમજાયું કે શેઢાપાળે વનસ્પતિઓ હોવી જરૂરી છે. વનસ્પતિઓ જ કુદરતી રીતે રોગ જીવાતના નાશ માટે આડકતરી રીતે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. ખેતીના મિત્ર કીટકોની હાજરીમાં વધારો થવા માટે પણ જુદી જુદી વનસ્પતિઓની હાજરી જરૉરી છે. કુદરતી રીતે જ પાકના દુશ્મનોનો સફાયો થતો હોય તો પછી ખેતમરાં ઝેરી પણ નાશ થતો હોય છે. શેઢા પાળે ઝાડ હોય તો કોયલ, કાબર વગેરે પક્ષીઓ રહે તો ખેતરમાંથી ઈયળો વગેરેને વીણીને દૂર કરતાં પાકમાં કોઈ દવાઓ છાંટવી પડતી નથી. જમીનમાં રોગ રહેતી નથી. કુદરત એનું કામ કરવા તૈયાર છે. આપણે તેને થોડો સમય આપવો પડે છે. તેઓ તેઓએ લીચીના વાવેતરમાં ૧૦ અખતરા કર્યા પછી ૧૧ મી વખત પણ ફરીથી વાવેતર કર્યું છે. કરેણ, બોગનવેલ, ચંપો, જાસૂદ, નરગિસ, કામીની, મોગરો, પારિજાત, કેવડો, હેલિકોનિયા, બોટલ બ્રાસ, મણીવેલ, મીનાવેલ, બ્રહ્મકમળ જેવા વિવિધ ૨૫ થી પણ વધુ ફૂલોની વેરાયટી, શેઢા પાળાના વૃક્ષોમાં લીમડો, વાંસ (ત્રણ જાત) ચંદન, બીલી, ગરૂડ, સીસમ, અરણી, ગુંદી, સરગવો, ખીજડો, ખાખરો, કરંજ, બાવળ, પીપળો, રૂખડ, શિવલિંગ, અરડૂસો, ઝેર કોચલુ, પંજીરવો, ગોરસ આમલી, કદંબ, રાધાવડ, બંગાળી બાવળ, કેરડુ, મીઠો લીમડો, રૂદ્રાક્ષ, ખરસાણી થોર, સપ્તપર્ણી, ક્રિસમસ ટ્રી, ઉંબરો, શ્રી પાર્ણી વગેરે જેવા અનેક શેઢા પાળે વૃક્ષો ઉછેર્યા છે. ફળ ઝાડમાં આંબા, ચીકુ, નાળિયેરી, સોપારી, બદામ, બોરડી, લીંબુડી, ખાટીચેરી, સીંગાપુરી ચેરી, આંબલી, ખાટી, મીઠી, લા, કરમદા, ખારેક, લીચી, ફણ, શેતુર, કાજુ, સીતાફળષ ડ્રેગનફ્રૂટ, મોસંબી મિલ્કીફળષ રેડ બેરી, લુકાટ, જાંબુ, પંબળી બદામ જેવો વિવિધ ફળઝાડ લગાવ્યા છે. ઔષધીય વનસ્પતિમાં નગોડ, અરુજન સાજડ, સર્પગંધા, અશ્વગંધા, શેમળો, મીંઢળ, રાણોઠી, વછનાગ, દમવેલ, કૌચા, લસણવેલ, રોહિત રગડો, ડોડી, પોઈ, ગરણી નેપાળો જેવી વનસ્પતિઓ ઉછેરી છે. આમ લગભગ ૨૫૦ જેટલી વનસ્પતિઓનો ઉછેર કરે છે.

**કુદરતી સાઈકલને નુકસાન પહોંચડાવાથી ખેતરમાં રોગ જીવાતનો વધતો ઉપદ્રવ મગફળીને ફક્ત ગૌમૂત્ર અને ખાટી છાશના જ ઉપયોગથી મૂંડાથી દૂર રાખી શકાય . વનસ્પતિઓના પાનને સડાવીને જ સેન્દ્રિય ખાતર તૈયાર કરી ખેતરમાં ઉપયોગ કરો જમીનને ડેવલપ કરતાં બેક્ટેરિયા તૈયાર થાય તો પછી રોગ જીવાત અસર ના કરો...**

## સાપ્તાહિક સુવિચાર

હંમેશા પ્રાર્થના કરતા રહો... કારણ કે શક્ય અને અશક્ય ફક્ત આપણા વિચારોમાં હોય છે ભગવાનને માટે તો કઈ પણ અશક્ય નથી...

## મારું સપનું ઓર્ગેનિક ખેડૂત બનીશ



હું મારા દેશના દરેક નાગરિકને તંદુરસ્ત જોવા માગું છું. મારુ સપનું છે કે હું મોટો થઈને ઓર્ગેનિક સિસ્ટમથી ખેતી કરું. ઓર્ગેનિક ખેતી કરીને હું મારા દેશને રોગમાંથી મુક્ત કરવા માગું છું. આમથવાથી દરેક નાગરિક સ્વસ્થ ભારતના વિકાસમાં ભાગીર બનશે. હું તંદુરસ્ત ભારતને વિશ્વના નકશામાં મૂકવા માગું છું, મારું આ સપનું પુરું કરવા માટે હું ખૂબ મહેનત કરીશ..

સ્મિત પટેલ (ધો.૭, વિવેકાનંદ વિદ્યાલય, હળવદ)

## ખડવંથલીના ખેડૂતનો ૧૫ વીઘામાં ઝીરો બજેટ ખેતીનો અખતરો....

અનુ. પાના ૨ નું ચાલુ.....

બિયારણ ખરીદીને લાવવાનું હોઈ થોડું આછું વાવેતર કરવા છતાં હાલમાં છોડ ૮ થી ૧૦ કાતરીએ ઊભો છે. આ સિવાય ૮ વીઘામાં કપાસ અને બાકી ૨ વીઘામાં મરચીનું વાવેતર કર્યું છે. શેરડીમાં જાન્યુઆરીમાં કાપણી આવશે ત્યારે ચોક્કસ ખબર પડસે. શેરડીનું ૩૬ની જાળીએ ચાસ નાંખી કાતરા મુકી બે કાતરા વચ્ચે એક ફૂટનું અંતર રાખી લગભગ વીઘે ૪૦ થી ૪૨ મણ બિયારણનો ઉપયોગ કર્યો છે. શેરડીનું બિયારણ ૧૯૦ રૂપિયે મણના ભાવે ૧૫૦ મણ બિયારણનો વપરાશ થયો છે. શેરડીની છેલ્લા ત્રણેક વર્ષથી ખેતી અપનાવી છે જેમાં ગત વર્ષે ટ્રેક્ટરમાં ભરી છુટક વેચાણ કરતાં ૯૬,૦૦૦ રૂપિયા આવક મળી હતી. શરેડીનું લગભગ ૯૦૦ મણનું ઉત્પાદન લીધું હતું. શેરડીની ખેતીમાં વીઘે બિયારણનો વધારે ખર્ચ રહે છે. આ વર્ષે શેરીનું વાવેતર કરતાં પાયામાં કોઈ ખાતર આપ્યું નથી. બીજને માવજત આપ્યા પછી ૧૦ થી ૧૨ દિવસે જીવામૃત ૩ વીઘામાં ૨૦૦ લી. પવામાં આવ્યું છે. રોજ જીવાત અટકાવવા ૧૦ પર્ણી અર્ક અને ખાટી છાશનો જ પ્રયોગ કર્યો છે. અત્યારે તો પરિણામ દેખાઈ રહ્યું છે. શેરડીમાં થ્રિપ્સ, ચૂસિયા જીવાત અને નાની મોટી ઈયળનો કોઈ ઊપદ્રવ દેખાતો નથી. અત્યાર સુધી શેરડીમાં ખાટી છાશ અને જીવામૃત્તનો બે વખત અને બે વખથ ૧૦ પર્ણી અર્કનો છંટકાવ કર્યો છે. બીજો કોઈ પ્રયોગ કર્યો નથી. જીવામૃત્તનો છંટકાવ તથા પિયત સાથે આપવામાં આવે છે. શેરડીમાં ૧૦૦ દિવસે પાળા ચડાવવાના થાય ત્યારે ધન જીવામૃત્ત આપ્યું છે. અત્યારે છોડ જોતાં ૩૦ ટકા જેટલો ચોખ્ખો ફરક દેખાય રહ્યો છે. ખરુ પરિણામ તો પાક તૈયાર થાય ત્યારે મળશે. જૈવિક પ્રયાસોથી શેરડીની મીઠાશ કેટલી વધી તેની ખબર પડશે.

કુદરતી રોગ પ્રતિકારક શક્તિ પેદા થાય.

ઝીરો બજેટ ખેતી આધારિત ૮ વીઘામાં કપાસનું વાવેતર કર્યું છે. કપાસમાં ૨૫૦ ગ્રામ બિયારણનો ઉપયોગ કરી ૬૦ની ઝાળીએ વાવેતર કર્યું છે. કપાસમાં આંતરપાકમાં મકાઈનું વાવેતર કરતાં સાત વીઘામાંથી ૧૮૦ મણ લીલા ડોડાનું વેચાણ કર્યું છે. મકાઈનો ૬ રૂપિયે કિલોનો ભાવ મળ્યો છે. ઘાસચારો બાજુના ગામમાં ગૌશાળામાં આપી દીધો છે. મકાઈની આંતરપાકથી વધારાની આવક મળી છે. મકાઈમાં કોઈ જાતની માવજત કરી જ નથી. કપાસ, મગફળીમાં થડમાં જીવામૃત્તનું ડ્રેન્ચિંગ કરવામાં આવે છે. હાલમાં કપાસમાં લીલી પોપટી હોય તો લીમડાના પાનનો સ્પ્રે કરવા સાથે ૧૦ પર્ણી અર્ક પણ ભેળો કરીને છાંટવામાં આવે છે. ઘરની જ વસ્તુઓ થકી થતી ઝીરો બજેટમાં સારુ પરિણામ મળી રહ્યું છે. છોડમાં કુદરતી રોગ પ્રતિકારક શક્તિ પેદા થતી હોય છે. મરચીનો પાક હાલમાંલગાવ્યો છે. જેને બીજામૃતની માવજત આપીને વાવેતર કર્યુ છે. આ ખેતીમાં કેટલો ફેરફાર થાય છે. તે જોયા પછી બધી જમીનમાં ઝીરો બજેટ ખેતી કરવા કટીબદ્ધ બનીશ, આમ તો અત્યાર સુધી ખેતી કરતા ત્યારે ૫૦ વીઘામાં ૧.૦૦ લાખ રૂપિયાનું દવાનું બિલ બનતું હતું ઝીરો બજેટ અપનાવીએ તો એ સીધો બચાવ જ ગણાશે.



આ સિવાય ૩૫ વીઘા જમીનમાંથી મગફળી ૧૨ વીઘામાં, ૩ વીઘામાં મરચી અનએ બીજી ૨૦ વીઘા જમીનમાં કપાસ કર્યો છે. આ મગફળીમાં તેમજ કપાસમાં પાયામાં રાસાયણિક ખાતરો આપ્યા છે. બે વખત પેસ્ટિસાઈડ દવા છાંટી છે. બાકી જીવામૃત્તનો તેમાં પણ પ્રયોગ કર્યો છે. આ સિવાય જીવામૃત્ત અને વનસ્પતિના પાનને સડાવીને તૈયાર કરેલા દ્રાવણનો પણ તેમાં થોડોઘણો ઉપાયગ કર્યો છે. તેઓના મતે અત્યારની સ્થિતિ જોતાં છોડમાં સારો વિકાસ છે. સારુ ઉત્પાદન તો પાક તૈયાર થાય ત્યારે જ ખબર પડે અત્યાર સુધી તો તેઓ વીઘે ૨૦ થી ૨૫ મણ એવરેજ મગફળીનો ઉતારો લેતા હતા. પાક ઉત્પાદનમાં જુદા જુદા ખેતરે ઉત્પાદનમાં ફેર હોય છે. ખેતીમાં ૧૦ થી ૧૬ લાખ રૂપિયા સુધીની આવક મળે છે. નબળું વર્ષ હોય તો કોઈ વધે પણ નહીં ખેડૂતને બિયારણ, ખાતર દવાના ખર્ચમાં માથે પડી શકે છે. *(સાભાર : એગ્રો સંદેશ)*

# પાકવીમા, GST મુદ્દે ખેડૂતોની રેલી, રમકડાની હોળી કરી હતી

જૂનાગઢમાં આજે ખેડૂતોએ રેલી કાઢી હતી અને ખેત ઓજારોમાં જીએસટી લાગુ કરવા ઘણા સમયથી પાક વિમા મુદ્દે કલેક્ટરને રજુઆત કરી હતી. ખેત ઓજારો પર તાત્કાલિક જીએસટી રદ સર્વેમાં થયેલી ક્ષતિના કારણએ ખેડૂતોને પાકવિમો ન મળવા મુદ્દે ભારતીય કિશાન સંઘના નેજા હેઠળ જૂનાગઢમાં સોમવારે ખેડૂતોએ ઝાંસીના પુતળા પાસે એકઠા થયા હતા અને સરકારની નિતિ વિરુદ્ધ સુત્રોચ્ચાર કર્યો હતો. તેમજ ચાઈનીઝ રમકડાની હોળી પણ કરી હતી. બાદમાં કલેક્ટર કચેરી સુધી રેલી કાઢી સરકારની અણધડ નિતિ સામે સુત્રોચ્ચાર કર્યા હતા. ખેડૂતોએ ખેત ઓજારમાંથી જીએસટી રદ્દ કરવા, પાક વિમાની અપૂરતી ચુકવણી, પાકમાં રોગના કારણે થયેલા નુકસાનના સર્વેમાં ભેદભાવ દુર કરવા, વિજ ચેકિંગના નામે આડેધડ ફટકારતા મસમોટા બીલ વગેરે પ્રશ્નો નિયત સમયમાં હલ કરવા રાજ્ય સરકાર સમક્ષ માંગ કરી હતી. આ તકે મનસુખભાઈ પટોડીયા, વિઠ્ઠલભાઈ, જમનભાઈ ટાંક, રાજેશભાઈ બુહા, દિલીપભાઈ ભકુત સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.



મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

કરવા ખેડૂતોએ માંગ કરી હતી. ખેડૂતોએ ચાઈનીઝ રમકડાની હોળી કરી હતી.

ખેત ઓજારમાં ૧૨ થી ૧૬ ટકા, ડ્રીપ એરીગેશન પર ૧૮ ટકા, ટ્રેક્ટર પર ૧૨ ટકા જીએસટી લાગું કરવા મુદ્દે, તેમજ ક્રોપ કટીંગના અભાવે તેમજ પાકના

## વિરોધ । ખેતઓજારો પર જીએસટી દર રદ કરવા માંગ : ખેતીને બ્લુ વ્હેલ ગેમ સાથે સરખાવી


લોક હીતમ્ મમ્ કરણીયમ્

**શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ**

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી

રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭

હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧

ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય —**

'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'

'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**

- શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ • અનામતો : રૂા.૪.૨૩ કરોડ • થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
- ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ • ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ • નેટ એન.પી.એ. : 'શૂન્ય'
- સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**

- શૈક્ષણિક માર્ગદર્શન • કારકીર્દી માર્ગદર્શન • વ્યવસાયી માર્ગદર્શન,
- રાષ્ટ્રી તહેવારોની ઉજવણી • સભાસદ કલ્યાણ યોજના
- ગ્રામીણ વિકાસ પ્રકલ્પ • મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**

(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત

(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ. (૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથા જી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**

(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**

જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

| | | |
|---|---|---|
| હરસુખભાઈ પંડ્યા | નંદકિશોરભાઈ ગરાચ | છગનભાઈ પેથાણી |
| ચેરમેન | વાઈસ ચેરમેન | વાઈસ ચેરમેન |
| મનહરભાઈ સુચક | નરેન્દ્રભાઈ ભુત | સમીરભાઈ જોષી |
| મેનેજીંગ ડીરેક્ટર | જો. મેનેજીંગ ડીરેક્ટર | જનરલ મેનેજર |


## ગ્રાહક મિત્રો

આપનું લવાજમ આપે ગત વર્ષે ગાંધીનગર ખાતે યોજાયેલ **'૦ બજેટ સજીવ ખેતી શિબીર દરમ્યાન તા. ૨૭ થી ૩૧ ઓગસ્ટ દરમ્યાન ભર્યું હોય તો'** પુરું થવામાં જ હશે તો આપનું સાપ્તાહિક નિયમીત મેળવવા માટે આપનું લવાજમ રૂા. ૨૦૦/- પુનઃ ભરી દેવું જરૂરી છે. જે નીજકના ભા.કિ.સંઘના કાર્યકર્તા કે નીચેના સરનામે રૂા. ૨૦૦/- મની ઓર્ડર કરવાથી ભરી શકાશે. સંપર્ક માટે ફોન કાર્યાલય ૦૭૯-૨૩૨૨૪૯૧૬

**મનીષ પંચાલ**

૯૯૦૯૦ ૦૦૨૧૪

ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨/ડી, 'ઘ' રોડ, ગાંધીનગર.

**C/o કિસાન સંદેશ કાર્યાલય**

**નોંધ : સાપ્તાહિક માટે આપના લેખ / મંતવ્ય સૂચનો આવકાર્ય છે.** -સંપાદક



# આરોગ્ય દાતા દેશી ગાય

## દેશી ગાયના દૂધના ઐતિહાસિક પ્રમાણ

(૧)રઘુકુળમાં ત્રણ વખત ગાયથી પુત્રપ્રાપ્તિ થાય છે. ધુંધુમારને ગોકર્ણ નામે પુત્ર જન્મે છે, સંતાન વિહોણા દિલીપ રાજાને વશિષ્ઠ ઋષિ નંદિની ગાય આપે છે, જેનાં દૂધ - ઘીના સેવનથી રઘુ નામના પુત્રની પ્રાપ્તિ થાય છે એજ રીતે દશરથ રાજાને મોટી ઉંમરે ગાય થકી ચાર પુત્રોની પ્રાપ્તિ થાય છે. ગાયથી જગતને રઘુકુળ, રામ અને રામાયણ મળે છે.

(૨) બાળપણથી જ શ્રીકૃષ્ણ ગાયનાં દૂધ, દહીં અને માખણ ખાય છે. નાનપણથી જ વ્રજનું નેતૃત્વ કરે છે, મથુરા માખણ વેચવા જતી ગોપીઓનું માખણ લૂંટ વ્રજનાં બાળકોને ખવડાવી બાળકોને ગાયના દૂધ - માખણ કવડાવવાનો જગતને સંદેશ આપે છે. જાતે ગાયો પાળીને આજીવન ભરપૂર માત્રામાં ગાયનાં જ દૂધ - માખણ ખાનારા શ્રીકૃષ્ણ શરીર - મન જ્ઞાન - હૃદય અને આત્માથી દિવ્ય મહાપુરુષ તરીકે જગપ્રસિદ્ધિ પામે છે. શ્રીકૃષ્ણની દિવ્યતાથી આકર્ષાઈ આઠ કૂલીન કન્યાઓ તેને પરણે છે. શ્રીકૃષ્ણ ઉત્તમ સંતાનોના પિતા બને છે. ૧૨૫ વર્ષ સંપૂર્ણ તંદુરસ્ત જીવન જીવી દ્વારિકાથી ચાલીને પ્રભાસ તીર્થ જઈ પ્રમાણ ત્યાગે છે. આવી જીવનશક્તિ - પ્રાણશક્તિ - દિવ્યતા શ્રીકૃષ્ણને દેશી ગાયના દૂધ - માખણ - દહીં, છાશથી પ્રાપ્ત થયેલી.

(૩) ઈ.સ. આટમી સદીમાં કચ્છ સિંધમાં લાખો ધુરારો નામે રાજા થઈ ગયો. યુવાનીમાં એનામાં એટલું પ્રચંડ બળ હતું કે ગામના પાદરે એક ટેકરા ઉપર વડ હતો ત્યાં ઘોડો દોડાવીને જતો અને ઘોડાને બે પગ વચ્ચે ઉંચકી વડવાઈ પકડી હીંચકો ખાતો ! તેના ખોંખારાથી ઝાડ ઉપરથી ઘુવડ ભયથી નીચે પડી જતું. છ માસની વાછરડીને તેડીને રમનારી પાલીતાણાના ગોહિલરાજની ૧૪ વર્ષની ચંદાકુમારી ૯૦ વર્ષના લાખાને વરવાની પ્રતિજ્ઞા લે છે.એ વખતે લાખા રમણ પથારીએ હતા. ચતુર કન્યા નવ દૂઝણી ગાયો લે છે. પ્રથમ ગાય દોહી તેનું દૂધ બીજી ગાયને પાય છે. બીજીનું ત્રીજી ગાયને એમ આઠમી ગાયનું દૂધ નવમી ગાયને પાય છે. અને નવમી ગાયનું દૂધ આખા દિવસમાં લાખાને પાય છે. ગાયના દૂધના આવા સિદ્ધ પ્રયોગથી લાખાને ફરી શરીરે કાળી રુંવાટી, માથે કાળા વાળ, આંખ, ચામડીમાં તેજ સાથે નવયૌવન પ્રાપ્ત થાય છે. લાખા ૯૦ વર્ષની ઉંમરે ફરી ટેકરે ઘોડો દોડાવી વડવાઈ પકડી ઘોડા સહિત હીંચકો ખાય છે, પછી ચંદારાણી સાથે સંસાર માંડે છે ને ત્રણ પ્રતાપી પુત્રોના પિતા બને છે.

(૪) ભારતને પ્રથમ વિશ્વકપ અપાવનાર કપિલદેવ ૧૪ વર્ષની ઉંમરે બોલંગમાં પ્રતિભા બતાવે છે એ જોઈ તેના પતા બે દેશી ગાયો લાવે છે, રોજ બે ત્રણ લીટર દૂધ કપિલદેવ પીએ છે. કપિલદેવનું બેટિંગ, બોલિંગ કૌવત જગવિખ્યાત થાય છે. ૧૬ વર્ષ સળંગ ક્રિકેટમાં ૧૩૧ ટેસ્ટ અને ૨૨૫ વનડે રમવામાં ક્યારેય કપિલદેવને બીમારી, નબળાઈ, થાક, સ્નાયુ ખેંચાવો કે ફ્રેક્ચર જેવી કોઈ તકલીફથી એક પણ વખત તેની રમત બ્રેક થઈ નહોતી.



(૫) મસાઈ પ્રજા : આફ્રિકા ખંડના કેન્યા અને ટાન્ઝાનિયા દેશમાં મસાઈ પ્રજા પરંપરાથી પીઠ પર ખૂંધવાળી (ભારતની ગાયો જેવી) ગાયો પાળે છે. દૈનિક બે થી ત્રણ લીટર દૂધ પીએ છે. પૂરી પ્રજા પાતળી, ઊંચી, તેજસ્વી, નીરોગી અને વિશ્વની બહાદુર પ્રજા છે. દુનિયા સિંહથી ડરે છે, જ્યારે મસાઈને જોઈને સિંહ બે પગ વચ્ચે પૂંછડી દબાવી ભાગી જાય છે. આઝાદી પહેલાં સિંહનો ભાલાથી શિકાર કર્યા પછી જ ૧૮ વર્ષના મસાઈ યુવકના લગ્નનો રિવાજ હતો પૂરી પ્રજા એક શ્વાસે ૧૦ થી ૨૦ કિ.મી. દોડી શકે છે. મસાઈ પ્રજામાં કોઈને ડાયાબિટિસ, ચરબી, હૃદયરોગ, કોલેસ્ટેરોલ, સાંધાના રોગ, આંખે ચશ્મા કે વંધ્યત્વ નથી. પ્રજાની કામશક્તિ અને શારીરિક તેજસ્વિતા પ્રચંડ છે. અને ૮૦ થી ૧૧૦ વર્ષ નીરોગી જીવન જીવે છે. આ અમે જાતે કેન્યા જઈને જોયું જાણ્યું છે.

ઈતિહાસ, ભારતની ગોપાલક પ્રજા અને મસાઈ પ્રજાનો અભ્યાસ કર્યા પછી અમારું તારણ છે કે પીઠ પર ખૂંધવાળી ગાય માનવને શ્રેષ્ઠ ઉંચાઈ, ખોટી ચરબી વગરનું સુડોળ, પાતળું, નીરોગી શરીર, બુદ્ધિની શ્રેષ્ઠ તેજસ્વિતા તેમજ સિંહને હરાવવાનું મનોબળ અને દિવ્ય વંશ આપે છે. ગાય પાલકને મા જેવો પ્રેમ આપે છે. આથી પીઠ પર ખૂંધ વાળી ગાય સાચે જ વિશ્વમાતા છે.

અમારું ગાય આધારિત જીવન :

અમે પરંપરાથી આંગણએ જાતવાન ગાયો પાળીએ છીએ. વહેલી સવારે ઊઠી સહેજ ગરમ માખણ કે ઘીમાં થોડા ગોળ સૂંઠ નાંખી પીઉં છું. દાતણ કરી યોગ, વ્યાયામ કરું છું. પ્રભાતે ૨૫૦ ગ્રામ દેશી ગાયના તાજા દહીંની છાશ ધાણાજીરુ, સિંધાલુણ નાંખીને પીઉં છું. શિયાળામાં બે માસ રોજ ૧૦૦ ગ્રામ ગોમૂત્ર પીઉં છું. સવારે ભાખરી, રોટલા સાથે દહીં - માખણ ખૂબ ખાધા છે. બપોરે ભોજનમાં નિત્ય ગાયના છાસ, દહીં લઉં છું. સાંજે ધારોષ્ણ દૂધમાં એક ચમચી ઘી નાંખીને પીઉં છું. સાંજે સાદા ભોજન સાથે ૩૦૦ થી ૫૦૦ ગ્રામ ગાયનું દૂધ લઉ છું. સવારે ગાયનાં ઘી, માખણમાં દેશી ગોળ અને ચપટી સૂંઠ નાંખી બાળપણથી આજ સુધી ખાવાનો બ્રહ્માનંદ માણ્યો છે. આ પ્રયોગ ખૂબ જ પષક, બળપ્રદ અને વાયુ, કબજિયાતને નિર્મુળ કરનાર છે. અમારા પરિવારમાં પેઢીઓથી ચાલી આવતી આ આહાર પરંપરા છે. જેનાં ઉત્તમ પરિણામો મળ્યાં છે. સાંજે ભૂખ ન હોય ત્યારે ભોજન લેવાનું ટાળી ગરમ ગોસંજીવની (દૂધ, ઘી, સાકર, સુંઠ) પીઉં છું. જેથી પેટના રોગો, કબજિયાત, પિત્ત, વાયુ, માથાનો દુઃખાવો થતા નથી અને શરીરને ઉત્તમ પોષણ, બળ મળે છે. અમારી ફ્લોટેક પંપની ફેક્ટરીના આંગણે અને વાડીમાં ઝેર, રસાયણમુક્ત ગાયનાં છાણ, ગોમૂત્રથી ઉગાડેલા શાકભાજી, ફળો, અનાજ, મસાલા ખાઈએ છીએ.

રોજ સવારે નાકમાં ગાયના ઘીના ત્રણ ટીપાંનું નસ્ય કરું છું. શીયાળામાં ગાયનું ઘી સહેજ હૂંફાળું ગરમ કરી રોજ આંગળીના ટેરવાથી માથાના તાળવામાં હળવે હાથે પાંચ મિનિટ માલિશ કરું છું, જેથી બિલકુલ વાળ ખરતા નથી. આ રીતે માથામાં ગાયનું ઘી નાંખવાથી વાળ ખરતા અને અકાળે સફેદ થતા અટકે છે. તથા ઊંઘ પણ સારી આવે છે. શિયાળામાં હાથ, પગ, મોઢે હૂંફાળુ ગાયનું ઘી લગાવું છું, જેથી ચામડી ખૂબ મુલાયમ અને ચમકતી રહે છે. અમે ઋતુનાં ફળો પ્રસન્નતાથી ખાઈએ છીએ. રાત્રે સુતી વખતે મીઠાથી અચૂક દાંત સાફ કરીને જ સૂવાનો પરિવારનો નિયમ છે. ૭૫ વર્ષ યુવાની અને ૧૦૦ વર્ષ ની તંદુરસ્ત - કાર્યરત જિંદગીનો અમારો સંકલ્પ છે. બાળપણથી જ શરીરને નિરોગી - સશક્ત રાખવાની કાળજી લીધી છે. શુભ ઈચ્છાઓ, આરોગ્ય, શક્તિ ઉત્સાહ, દૃઢ સંકલ્પો, આત્મા વિશ્વાસ, મહાપુરુષાર્થ, અચલ શ્રધ્ધા અને દિગ્વીજયના મનમાંથી નિરંતર ફુવારા છૂટે છે. સકલ જગતના સત્વ સાથે સંવેદના અને એકત્વભાવનું ઝરણું હૃદયમાં નિરંતર વહે છે. મને લાગે છે કે આરોગ્ય, શક્તિ યૌવન અને આયુષ્યનો એ જ મૂળ સ્રોત છે.

ઘર, ઓફિસમાં રોજ સવાર - સાંજ ગાયના ઘીનો દીવો અને ફેક્ટરીમાં અગ્નિહોત્ર યજ્ઞ કરીએ છીએ. જેનાથી વાતાવરણ શુદ્ધ રહે છે. જેથી માણસો, ગાયો, શાકભાજી નિરગો રહે છે. તમામ સામાજિક, ધાર્મિક પ્રસંગોમાં ગાયના ઘીની અને રંગ, રસાયણ વગરના દેશી ગોળની મીઠાઈ પીરસાય છે. ખાવાના પદાર્થોમાં કેન્સર તથા રોગો કરનાર લીંબુના ફૂલ, રંગ, રસાયણ વાપરતા નથી. ઘર, ઉદ્યોગ, પ્રસંગોમાં ઝેરી ઠંડા પીણાં અને તમાકુનો નિષેધ છે. શરીર આત્માનું મંદિર અને અતિથિ એ દેવ છે, એને સાત્વિક આહાર આપવો એ જીવનધર્મ અને પ્રકૃતિધર્મ છે. માનવ અને વિશ્વનો સાચો ધર્મ વ્યક્તિપૂજા, પંથ, સંપ્રદાય કે મજહબ નથી, પણ પ્રકૃતિધર્મ છે. જેનો પ્રારંભ પ્રાકૃતિક આહારથી થાય છે.

હે ભારતવાસીઓ, દેશી ગાયના દૂધ, દહીં, ઘી, માખણ, છાસ અને જંતુનાશક ઝેર, રસાયણ વગરના ગાયના છાણ, ગોમૂત્રથી પાકેલા શાકભાજી, ફળો, અનાજ, મસાલા અને ઔષધ ધરતીના અમૃત છે. જેને અહોભાવથી ખાઈને આરોગ્ય, શક્તિ, ઉત્મવંશ અને બ્રહ્માનંદની પ્રાપ્તિ કરીએ.

**કિસાન સંદેશના તમામ એજન્ટો, વાચકમિત્રો તથા તમામ જિલ્લા / તાલુકાના પ્રમુખ કાર્યકરો જોગ...**

**દિવાળી વિશેષાંક અંગે**

આગામી દિવાળી વિશેષાંકની તૈયારીઓની શરૂઆત થઈ ચૂકી છે. સમય સંજોગોને ધ્યાને લઈ બેઠક રાખેલ નથી. આપ સૌ પ્રતિવર્ષ દિવાળી વિશેષાંકની જાહેરાતો આપીને સહયોગ આપો જ છો. જાહેરાત લેવા માટેના પત્ર ન હોય તો કાર્યાલય ફોન કરીને મંગાવી લેશો. હાલથીજ કાર્યની શરૂઆત કરી દઈએ મોડામાં મોડા ૫ ઓક્ટોબર ૨૦૧૭ સુધી કાર્યાલયને મળનાર જાહેરાતોને જ વિશેષાંકમાં સમાવી શકાશે... તેનું ધ્યાન રાખીશું.

: સંપર્ક માટે :

મનીષ પંચાલ : ૯૯૦૯૦૦૦૨૧૪

# GST મુદ્દે સમગ્ર ભરમાં ગુજરાત રાજ્યમાં તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ બેઠક યોજાયેલ તથા તમામ જીલ્લા કલેક્ટરને અપાયેલ આવેદન પત્ર તથા તસ્વીરો...

કૃષિક્ષેત્ર પર લાદવામાં આવેલા જી.એસ.ટી. દરો તેમજ પાકવિમા સહિતના મુદ્દે આવેદન પત્ર સમગ્ર જીલ્લાના કિસાનો વતી આ આવેદનપત્રના માધ્યમથી અમારી વેદના અને વ્યથાને વ્યક્ત કરીએ છીએ કે ભારત એ ખેતી પ્રધાન દેશ છે. પરંતુ આઝાદીના ૭૦ વર્ષ પછી પણ આ દેશનો કિસાન આજે દુ:ખી પિડીત અને શોષીત છે એ વરવી વાસ્તવિક્તા છે. વિકાસના વાવોઝોડાની વચ્ચે કિસાન આજે વધુને વધુ મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે. ખેતી એ એકજ એવો ધંધો છે જેમાં તેનો ભાવ નક્કી બીજુ કોઈ કરે છે અનેક આસમાની સુલતાની અનેક અનિશ્ચિતાઓ નો સામનો કરીને પણ આજે ખેતીને છોડી શકે તેમ નથી એ તેની મજબુરી છે. આજે ખેતી સતત ખોટનો ધંધો બની રહી છે ખેતી કરવા કોઈ તૈયાર નથી તેવા સંજોગોમાં કેન્દ્ર સરકાર દ્વારા જી.એસ.ટીના નામે પૂર્વે કૃષિક્ષેત્રને કોઈ જ અસર થવાની નથી તેવી જાહેરાત પછી પણ અનેક ઘણો દર કૃષિક્ષેત્રે લગાવી દેવામાં આવતા કિસાનોને પડતા પર પાડુ સમાન સાબિત થયેલ છે. ત્યારે અમારી તત્કાલ લાગણી અને માંગણી છે કે...

(૧) કૃષિ ક્ષેત્ર પર લગાડવામાં આવેલ ડ્રીપ ઈરીગેશન પરનો ૧૮ ટકા, ટ્રેક્ટર પર નો ૧૨ ટકા, જંતુ દવા પરનો ૧૮ ટકા થ્રેસર સહિતના યાંત્રિક ઓજારો પર ૧૨ થી ૧૬ ટકા સુધીના ભારે જી.એસ.ટી. દરો તાત્કાલિક અસર થી સંપૂર્ણ રદ કરવામાં આવે.

(૨) વડાપ્રધાન પાકવીમા યોજનાની વિસંગતતાઓ દૂર કરીને તેને મરજીયાત બનાવવામાં આવે, ગત વર્ષના પાકવિમાની અપૂરતી ચૂકવણી, નુકસાનીના સર્વેમાં ભેદભાવ અને વિમા કંપનીઓની ખોટી રીતરસમો તત્કાલ દૂરસ્ત કરીને સંપૂર્ણ કિસાનલક્ષી અભિગમ સાથે લાગુ કરવામાં આવે.

(૩) આગામી સમયમાં બજારમાં આવનાર ચોમાસુ પાકો મગફળી, કપાસ, ડાંગર, મગ, અડદ, સોયાબીન સહિતના બજારો નીચા રહેવાની સંભાવના વચ્ચે હાલ તુરંત આગોતરા આયોજન થી ટેકાના ભાવથી ખરીદી અંગે તમામ મંજુરી - તૈયારીઓની ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં આવે.

(૪) આડેધડ વિજ ચેકીંગ સદંતર બંધ ૧૨૬ અને ૧૩૫ ની વિજ અધિનિયમની કૃષિવિજ ગ્રાહકો વિરોધી કલમો રદ કરી વિજ ચેકીંગ સમયે દંડનીય બીલ બનાવવા માટે નવિન FPPPAના પરિપત્રને રદ કરી કિસાનને ૩૦ દિનની સમયમર્યાદા આપ્યા પછી આખરી બીલ આપવું જુના પડતર આવા તમામ કેસો માટે માંડવાળ યોજના (વન ટાઈમ સેટલમેન્ટ) યોજના તત્કાલ લાગુ કરવી

આમ ઉક્ત તમામ તાકીદના મુદ્દે આપને રજુઆત કરીએ છીએ કે આ મુદ્દા પરત્વે તત્કાલ ટોચ અગ્રતાથી ગંભીરતા પૂર્વક યોગ્ય નિરાકરણ કરવા તાકીદ છે.


કચ્છ જીલ્લો


વડોદરા જીલ્લો


અરવલ્લી જીલ્લો


સાબરકાંઠા જીલ્લો


દાહોદ જીલ્લો


ભાવનગર જીલ્લો


સાવરકુંડલા જીલ્લો


અમદાવાદ જીલ્લો